# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૮/૯/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'કોવિડ– ૧૯ની પરિસ્થિતિમાં વિદેશ વેપાર નીતિ અને તેમાં આવેલા પરિવર્તન' વિશે વેબિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એડિશનલ ડિરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ તેમજ સ્પેશિયલ ઇકોનોમિક ઝોનના ડેવલપમેન્ટ કમિશનર વિરેન્દ્ર સિંઘે 'કોવિડ– ૧૯ની પરિસ્થિતિમાં વિદેશ વેપાર નીતિ અને તેમાં આવેલા પરિવર્તન' વિશે, કસ્ટમ્સ કમિશનરેટ અમદાવાદના ડેપ્યુટી કમિશનર પ્રસાદ વરવન્તકરે 'સુરત કસ્ટમ વિભાગ દ્વારા સાઉથ ઝોનના નિકાસકારોને આપવામાં આવતી સુવિધા' વિશે અને લેમન ટેકનોલોજીસના વાઇસ ચેરમેન નિરવ જોગાણીએ 'એમ.એસ.એમ.ઇ.ની નવી વ્યાખ્યાઓ અને મેન્યુફેકચરર તેમજ એકસપોર્ટસને થનારા લાભો' વિશે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના કાર્યવાહક દિનેશ નાવડિયાએ સર્વેને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, કોવિડ– ૧૯ને કારણે આખા ભારતમાં જ્યારે એક્ષ્પોર્ટ બંધ હતું ત્યારે સુરત કસ્ટમ વિભાગના માધ્યમથી પોલીશ્ડ ડાયમંડ સુરતથી કસ્ટમ કલીયરન્સ મેળવીને એક્ષ્પોર્ટ કરી શકાયા હતા. તેમણે મેન્યુફેકચરીંગ સેકટરને અગ્રીમતા આપવા માટે ફોરેન ટ્રેડ વિભાગનો પણ આભાર વ્યકત કર્યો હતો.

વિરેન્દ્ર સિંઘે જણાવ્યું હતું કે, નિકાસકારોને વેપાર વધારવાની દિશામાં વિદેશ વ્યાપાર નીતિમાં સમસ્યા નહી ઉભી થાય તે માટે સરકાર દ્વારા ફોરેન ટ્રેડ પોલિસી કે જે ૨૦૧૫થી ૨૦૨૦ સુધી વેલીડ હતી તેની મુદત ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. એસ.ઇ.આઇ.એસ.માં ઇન્સેન્ટીવ સ્કીમ સિવાયની અન્ય ફોરેન ટ્રેડ

પોલિસીની સ્કીમોની પણ મુદત વધારી છે. આનામાં એમ.ઇ.આઇ.એસ.નો પણ સમાવેશ થાય છે. ટ્રાન્સપોર્ટ માર્કેટીંગ અસિસ્ટન્ટ સ્કીમને પણ લંબાવવામાં આવી છે. આયાત માટેની સ્કીમ ડી.એફ.આઇ.એ. – ઇ.પી.સી.જી.ની વેલીડીટી કે જે ૧લી ફેબ્રુઆરી ૨૦૨૦થી ૩૧ જુલાઇ ૨૦૨૦ દરમિયાન પૂરી થતી હતી તેને છ મહિનાનું એક્ષટેન્શન આપી દેવાયું છે. એના માટે ડીજીએફટીથી એન્ડોર્સમેન્ટ કરવાની જરૂર નથી. જેથી કરીને નિકાસકારોને એક્ષપોર્ટ માટે મુશ્કેલી નહી થાય અને તેમને કમ્પોઝીશન ફી પણ નહી લાગશે. લેટ કટ લાગે છે તો તેમાં પણ રિલેકસેશન આપી દીધું છે. ટી.એમ.એ. રીફંડ, ડયુટી ડ્રો બેક અને ડ્રો બેકની મુદત પણ લંબાવવામાં આવી છે. તેમણે પ્રી એક્ષપોર્ટ અને પોસ્ટ એક્ષપોર્ટ તેમજ ટ્રાન્સપોર્ટ એન્ડ માર્કેટીંગ અસિસ્ટન્ટ સ્કીમ અને સર્વિસ એક્ષપોર્ટ ઇન્સેન્ટીવ સ્કીમ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે વધુમાં કહયું હતું કે, ઉદ્યોગકારોએ ટ્રેડીગ અને કવોલિટી પ્રોડકટના ઉત્પાદન વિશે વધુ ધ્યાન આપવું પડશે. ઇલેકટ્રોનિક, મશીનરી, ટેલીકોમ અને એગ્રીકલ્ચર પ્રોડકટ ડેવલપ કરવા ઉપર ધ્યાન આપવું પડશે. સાથે જ વેલ્યુ એડેડ પ્રોડકટ બનાવીને તેના એક્ષપોર્ટ ઉપર ધ્યાન આપવું પડશે. દૈનિક વપરાશ માટેના સાધનો, ડિફેન્સ અને પાવર ઇક્વીપમેન્ટ ઉપર ધ્યાન આપીને આત્મનિર્ભર બનવું પડશે. ડિફેન્સના ક્ષેત્રમાં વેપારની વિપુલ તકો છે. કવોલિટી સ્ટાન્ડર્ડ ઇન્ફ્રાસ્ટ્રકચરને મહત્વ આપવું પડશે તેમજ ફિનીશ્ડ પ્રોડકટ ઉપર ધ્યાન આપવું પડશે. જોબવર્કમાંથી બહાર નીકળીને વેલ્યુ એડેડ પ્રોડકટ ઉપર ધ્યાન આપવું પડશે. તેમણે કહયું કે, ગુજરાતમાં રૂપિયા ૧૦ હજાર કરોડનો એપીઆઇ પાર્ક બનાવવાની સરકારની યોજના છે. જ્યારે રાજકોટ નજીક મેડીકલ ડિવાઇસ પાર્ક પણ બનાવવામાં આવશે.

પ્રસાદ વરવન્તકરે સુરત કસ્ટમ વિભાગ દ્વારા સાઉથ ઝોનના નિકાસકારોને આપવામાં આવતી સુવિધા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, લોકડાઉનની પરિસ્થિતિમાં જ્યાં આખો દેશ બંધ હતો તે સમયગાળા દરમિયાન પણ કસ્ટમ વિભાગ દ્વારા એક્ષપોર્ટ વધારવા ઉપર ભાર મુકી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને ટ્રેડ થઇ શકે તેના માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમણે દક્ષિણ ગુજરાતની જુદી–જુદી ઇન્ડસ્ટ્રી માટે સુરત ખાતે વહેલી તકે ફોરેન પોસ્ટ ઓફિસ શરૂ જવાની સંભાવના વ્યકત કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સાઉથ ઝોનમાંથી આશરે ૧૭ હજાર જેટલા કન્સાઇનમેન્ટ્સ વિદેશ મોકલવામાં આવ્યા હતા. જેના થકી આપણા દેશમાં રૂપિયા ૧૧ હજાર કરોડ જેટલી વેલ્યુ ક્રિએટ થઇ છે. કસ્ટમ વિભાગે એક મહિનામાં નિર્યાતકારોને ડ્રો બેક અને આઇજીએસટી રીફંડ મળી જાય તેના માટે એપ્રિલ અને મે મહિનામાં અભિયાન ચલાવ્યું હતું. જે અંતર્ગત વિભાગ દ્વારા ડ્રો બેક માટે રૂપિયા ૧૦૦.૪૫ કરોડ અને આઇજીએસટી રીફંડ માટે ૧૭૮.૬૪ કરોડ સેન્કશન કરવામાં આવ્યા હતા.

પ્રસાદ વરવન્તકરે વધુમાં કહયું હતું કે, કોવિડ– ૧૯માં ડાયમંડ ઇન્ડસ્ટ્રીને રાહત મળે તેના માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. સુરતમાં આયાત થતા રફ ડાયમંડ કટ એન્ડ પોલિશ્ડ થઇને મુંબઇથી જ એક્ષપોર્ટ થતા હતા. પરંતુ કોવિડ– ૧૯ને કારણે મુંબઇથી હીરાના પાર્સલને કસ્ટમ કલીયરન્સ મળી શકતું ન હતું. આથી ઇન્ડસ્ટ્રીની રજૂઆતોને ધ્યાનમાં રાખીને સુરત કસ્ટમ વિભાગે સ્પેશિયલ એફર્ટ લગાવી મુંબઇથી હીરાના પાર્સલ સ્પાઇસ જેટના ફ્રેટરમાં મંગાવીને સુરતમાં તપાસીને તેને કસ્ટમ કલીયરન્સ આપવામાં આવતું હતું અને ત્યારબાદ ફરીથી મુંબઇ મોકલી ત્યાંથી અન્ય દેશોમાં મોકલવામાં આવતા હતા. આવી રીતે એક મહિનામાં સુરતથી આશરે રૂપિયા ચાર હજાર કરોડના હીરાના પાર્સલ એક્ષપોર્ટ કરી શકયા હતા.

નિરવ જોગાણીએ જણાવ્યું હતું કે, એમ.એસ.એમ.ઇ.નવી વ્યાખ્યા મુજબ રૂપિયા પ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવનાર તેમજ પ્લાન્ટ એન્ડ મશીનરીમાં રૂપિયા એક ૧ કરોડથી ઓછું રોકાણ કરનાર ઉદ્યોગને સુક્ષ્મ ઉદ્યોગ ગણવામાં આવશે. જ્યારે રૂપિયા ૫૦ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતી તેમજ પ્લાન્ટ એન્ડ મશીનરીમાં રૂપિયા એક ૧૦ કરોડથી ઓછું રોકાણ કરનારને લઘુ ઉદ્યોગ તથા રૂપિયા ૨૫૦ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતી તેમજ પ્લાન્ટ એન્ડ મશીનરીમાં રૂપિયા એક ૫૦ કરોડથી ઓછું રોકાણ કરનારને મિડિયમ ઉદ્યોગ ગણવામાં આવશે. એમ.એસ.એમ.ઇ.માં થયેલા બદલાવથી ઉત્પાદકો અને નિર્યાતકારોને ઘણો ફાયદો થશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એમ.એસ.એમ.ઇ.ની નીતિ સ્કીમ પ્રમાણે એમ.એસ.એમ.ઇ. વિક્રેતાને ખરીદદાર પાસેથી ૪૫ દિવસમાં પેમેન્ટ મળવું જોઇએ. જો વિક્રેતાને સમયગાળા દરમિયાન પેમેન્ટ નહીં મળે તો ખરીદદારને બેંક રેટ મુજબ થ્રી ટાઇમ ઇન્ટરેસ્ટ રેટ લાગશે. રૂપિયા પ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા સુક્ષ્મ ઉદ્યોગના એકમે ડિજીટલ અને ચેકથી ટ્રાન્જેકશન કર્યું હશે તો તેને ઇન્કમ ટેક્ષના ઓડિટમાંથી મુકિત મળશે. જ્યારે સ્ટાર્ટઅપને ત્રણ વર્ષ માટે ઇન્કમ ટેક્ષમાંથી રાહત આપી છે. ગુજરાતની નવી ઔદ્યોગિક પોલિસીમાં ઉદ્યોગકારોને મળતા લાભોની તેમણે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરની મેનેજિંગ કમિટિના સભ્ય બિજલ જરીવાલાએ વેબિનારનું સંચાલન કર્યું હતું.